
# પ્રકરણ ૧૫
# બજારથી ઘર સુધી



મારું નામ વૈશાલી છે. મારા પિતાજી શાકભાજી વેચે છે. મારાં મમ્મી, ભાઈ, છોટુ અને હું, પિતાજીના કામમાં મદદ કરીએ છીએ. તમને ખબર છે, અમારું કામ ક્યારે શરૂ થાય છે ? સવારે ત્રણ વાગે. જ્યારે મોટા ભાગના લોકો ગાઢ ઊંઘમાં હોય છે ત્યારે અમારું કામ શરૂ થઈ જાય છે. આગળના દિવસની શાકભાજીને કોથળા (sack - સેક)માંથી બહાર કાઢી તેને વ્યવસ્થિત ગોઠવવાની તથા બીજી બાજુ બજાર(મંડી)માંથી તાજાં શાકભાજી લાવવાની તૈયારી કરવી પડે છે. ઘણીવાર છોટુ પણ અમને મદદ કરે છે.

અમે બધું કામ પતાવી ચા પીવા બેઠાં, ત્યાં જ ટેમ્પાના હોર્નનો અવાજ સાંભળ્યો. પિતાજી, ભાઈ, કાકા અને અમારા મહોલ્લાના માણસો ટેમ્પો લઈને તાજાં શાકભાજી લેવા બજાર (મંડી) જવા નીકળ્યા.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારા ઘરમાં કોણ વહેલું ઊઠે છે ? તે કેટલા વાગે ઊઠે છે ? તેઓને શા માટે વહેલા ઊઠવું પડે છે ?

## દિવસની તૈયારી

મમ્મી, છોટુ અને હું આગલા દિવસની શાકભાજી કોથળામાં ભરીએ અને તેના પર થોડું પાણી છાંટીએ (sprinkle-સ્પ્રિંકલ) છીએ. સવારે ૬:૩૦ વાગે પિતાજી તાજાં શાકભાજી ભરેલાં બાસ્કેટ અને કોથળા લઈ પાછા ઘરે આવે છે. તે સમયે અમારું ઘર નાની શાકભાજીની મંડી જેવું લાગે છે. બધી બાજુ રીંગણાં, બટાટા, ટામેટાં, ભીંડાં, દૂધી, મરચાં અને બીજાં શાકભાજી હોય છે. દરેક જણ શાકભાજી અલગ કરવામાં મદદ કરે છે. જે શાકભાજી પાકેલાં નથી અને વેચવાલાયક ન હોય તેને એક તરફ કરવામાં આવે છે. અમારે શાકભાજી ખૂબ જ ઝડપથી અલગ કરવાના હોય છે, જેથી વહેલા બજાર પહોંચી શકાય.





૭:૦૦ વાગ્યા સુધીમાં પિતાજી બધાં શાકભાજી લારીમાં ગોઠવી દે છે અને બજાર માટે નીકળે છે. તે કહે છે જો તેઓ મોડા પડશે તો તેમના રોજના ગ્રાહક બીજા કોઈ પાસેથી ખરીદી લેશે. જેવા પિતાજી જાય હું જલદી તૈયાર થઈ જાઉં છું, કેમ કે મારે ૭:૩૦ વાગે શાળાએ પહોંચવાનું હોય છે.

**શિક્ષક માટે :** શાકભાજીનું મોટું બજાર (મંડી) વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## બજારમાં




છોટુ સવારે શાળાએ જાય છે. તે ૧૦ : ૦૦ વાગે પિતાજી અને ભાઈ માટે જમવાનું લઈ બજારમાં જાય છે. શાળામાં જવાનો સમય થાય ત્યાં સુધી તે લારી પર રહે છે. ઘણી વખત તે શાળામાંથી પિતાજીને મદદ કરવા જાય છે. પિતાજી આગલા દિવસના શાકભાજી પહેલાં વેચવા પ્રયત્ન કરે છે.

### વિચારો અને કહો :

- બાપુજી પહેલાં આગલા દિવસની શાકભાજી વેચે છે. તે કેમ આવું કરે છે ? વિચારો.
- તમે સુકાયેલાં અથવા સડેલાં શાકભાજી જોયાં છે ? ક્યાં ?
- શાકભાજી સડી ગયાં છે એ તમને કેવી રીતે ખબર પડે ?

આગલા દિવસની શાકભાજી જેમ વેચાઈ જાય તેમ ભાઈ તાજી શાકભાજી કોથળામાંથી કાઢી લારીમાં મૂકે છે. તે શાકભાજી ઉપર પાણીનો છંટકાવ કર્યે રાખે છે જેથી તે સુકાઈ ન જાય. ખાસ કરીને ઉનાળામાં. બાપુજી અને ભાઈ રાત્રે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ઘરે પાછા ફરે છે. ત્યાં સુધી છોટુ અને હું સૂઈ જઈએ છીએ. બીજા બધાં રાત્રે ૧૧:૦૦ અથવા ૧૧:૩૦ વાગ્યાની આસપાસ સૂઈ જાય છે અને બીજા દિવસે પાછાં વહેલા ઊઠી જાય છે.

- નીચે આપેલી ઘડિયાળો જુઓ. આ ઘડિયાળો જે સમય બતાવે છે એ સમયે તમે શું કરો છો અને વૈશાલી શું કરે છે ? તે લખો.




સવારે | સવારે | રાત્રે

વૈશાલી ____________ વૈશાલી ____________ વૈશાલી ____________

તમે ____________ તમે ____________ તમે ____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમને તમારા ઘર માટે શાકભાજી ક્યાંથી મળે છે ? શાકભાજી કોણ લાવે છે ?

- તમે તમારા ઘરે માતા-પિતાને કયાં કયાં કામમાં મદદ કરો છો ?

**સીમાની માતા બજારથી થોડાં શાકભાજી અને ફળો લાવી છે. શું તમે આ ચિત્રમાં તેમને જોઈ શકો છો ? તેમાં રંગ પૂરો અને નીચે તેમનાં નામ લખો :**





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## શોધી કાઢો :

- અહીં શાકભાજી અને ફળોની યાદી આપી છે. તેમાંથી કયાં જલદી બગડી (spoil-સ્પોઈલ) જાય છે અને કયા થોડા દિવસો સુધી સારાં રહે છે ? યોગ્ય કોષ્ટકમાં નામ લખો. તમે યાદીમાં બીજાં નામ ઉમેરી શકો છો.

| | | | | |
|---|---|---|---|---|
| પાલક | બટાટા | કેળાં | ટામેટાં | નાસપાતી |
| ચીકુ | અનનાસ | દૂધી | ડુંગળી | કોબીજ |
| કાકડી | દ્રાક્ષ | આદું | | |

**જલદી બગડી જાય તેવાં ફળો અને શાકભાજી**

**થોડા દિવસ સારાં રહી શકે તેવા ફળો અને શાકભાજી**

આ ફળો અને શાકભાજીમાંથી ઘણાં અડકવાથી નરમ લાગે છે, જ્યારે થોડાં બરછટ લાગે છે. ઉપરની યાદીમાંથી યોગ્ય કોષ્ટકમાં નામ લખો.

**નરમ**

**બરછટ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમારા વિસ્તારમાં શાકભાજી વેચનાર સાથે વાત કરો. નીચેના પ્રશ્નો પૂછો અને નોટબુકમાં લખો.
  - તેમનું નામ શું છે ? તેમના કુટુંબમાં કેટલા લોકો છે ?
  - તેમના ઘરે કેટલાં બાળકો છે ? તેમનાં નામ શું છે ?
  - શાકભાજી વેચવાના કામમાં કોણ મદદ કરે છે ?
  - કોણ શાકભાજીની લારી પર રહે છે અથવા દુકાનમાં બેસે છે ?
  - તેઓ કયાં શાકભાજી વેચે છે ? કેટલા વાગે કામ શરૂ કરે છે ?
  - તેઓ વેચતા હોય તેવાં ત્રણ શાકભાજી વિશે પૂછો.

| વિગત | શાકભાજી ૧ | શાકભાજી ૨ | શાકભાજી ૩ |
|---|---|---|---|
| શાકભાજીનું નામ | | | |
| શાકભાજીની કિંમત (૧ કિલોની) | | | |
| તે ક્યાંથી લાવવામાં આવે છે ? | | | |
| એક વખતમાં તેઓ કેટલાં શાકભાજી ખરીદે છે ? | | | |
| આ શાકભાજી સામાન્ય રીતે કયા મહિનામાં આવે છે ? | | | |
| દરરોજ કેટલા કિલો વેચવામાં આવે છે ? | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in